જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૬/૨૦૧૬ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી ૧૮૬ લીટર દેશી દારૂ અને ૨૪ બિયરટીન કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૫/૧૬**

**ચાંદખેડાઃ** નિતીનભાઈ મખ્ખનલાલ ગુપ્તા (રહે.હિમાલય ઝીરકોન મોટેરા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૬/૧૬ રાતનાં ૧૦/૦૦ થી તા.૨૩/૬/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન ન્યુ સી.જી.રોડ સર્જન-૨ કોમ્પલેક્ષ યાસીકા એન્ટર પ્રાઈઝ નામની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી નવા મોબાઈલ ફોન નંગ-૧૫ અને જુના મોબાઈલ ફોન નંગ-૪ મળી કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. તેમજ અન્ય પાંચ દુકાનોના તાળા પણ તુટેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એમ દવે ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૧૬૬/૧૬**

**ઓઢવઃ** દેવારામ ખીમાજી પ્રજાપતિ (રહે.રેમ્બો હાઈટ્સ ડીવાઈન લાઈફ સ્કૂલની સામે શ્રી રામ રેસીડન્સી રોડ નારોલ) તા.૨૨/૬/૧૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે નારોલ સર્કલથી શાહીબાગ જવા માટે ઓટોરિક્ષા નંબર જીજે ૨૭ વી ૬૪૮૮ માં બેઠા હતા. દરમ્યાન ઓટોરિક્ષા ચાલક અને ઓટો રિક્ષામાં બેઠેલ એક પુરૂષે ભેગા મળી દેવારામને અલગ-અલગ જગ્યાએ ફેરવી ઓઢવ રીંગ રોડ પાંજરાપોળ ચાર રસ્તા ઓનેસ્ટ હોટલની સામે દેવારામને ઉતારી મોઢુ દબાવી મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૪૨૦/- બળજબરીથી કાઢી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દેવારામ પ્રજાપતિ એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એન ખાંટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નદીમાંથી લાશ મળી આવી :** **સમાચાર યાદી નં.૧૧૬૭/૧૬**

**રિવરફંટ ઈસ્ટઃ** કિરણબહેન હિતેશભાઈ ચતુર્વેદી (ઉ.વ.૩૫) (રહે.ગોકુલ સોસાયટી આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) નાઓની તા.૨૩/૬/૧૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા સુભાષબ્રીજ નીચે નારણઘાટ પાસે સાબરમતી નદીમાંથી લાશ મળી આવી હતી. આ અંગે રિવરફંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન પી રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :** **સમાચાર યાદી નં.૧૧૬૮/૧૬**

**એલીસબ્રીજઃ હેતલબહેન કેશુભાઈ ખાણીયા** (ઉ.વ.૧૭)(રહે.મહેનતપુરાના છાપરાં આંબાવાડી) એ કોઈ કારણસર તા.૨૩/૬/૧૬ કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી ડી વસાવા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)